ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૬ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૫૮ ટકા

# સરગાસણ અને કુડાસણના બજારો ખુલતાં ધમધમાટ

## વેપારીઓ અને અહીંના સ્થાનિકોમાં કોરોનાનો ડર ઓછો થયો હોય તેવો માહોલ સર્જાયો



ગાંધીનગર, તા.૨૧

કોરોનાના કહેર વચ્ચે સમગ્ર શહેર ઝઝુમી રહ્યું હતું અને સાથે તોકતે વાવાઝોડું ત્રાટકતા સરકાર દ્વારા કોરોનાને સંદર્ભે આંશિક લોકડાઉનની ગાઈડ લાઈન લંબાવાઈ હતી અને નવી ગાઈડલાઈન મુજબ હવે શુક્રવારથી જ બજારો સવારે ૯ થી ૩ વાગ્યા સુધી ખુલ્લા રાખવા માટે સરકારે હા ભણી છે. તમામ દુકાનો, લારી ગલ્લા, સલોન, શોપીંગ કોમ્પલેક્ષ જેવી વ્યાપારિક ગતિવિધી સવારના ૯ થી બપોરે ૩ વાગ્યા સુધી ખુલ્લા રાખી શકાશે ત્યારે આજે સવારથી જ શહેરમાં સાથે સાથે નવા સેક્ટરના રહેવાસીઓ સરગાસણ, કુડાસણના બજારોમાં ખરીદી કરવા પહોંચી ગયા હતા.

સરકાર દ્વારા આંશિક લોક ડાઉન માં રાહત આપ્યાના સમાચાર સાંભળીને શહેરીજનોમાં આનંદની લાગણી જોવા મળી હતી. સતત બે મહિના થી ઘરની બહાર ન નીકળેલી ગૃહિણીઓ સવાર થીજ શાકભાજીની ખરીદી કરતી જોવા મળી હતી. શહેરના તમામ લારીગલ્લાથી લઈ નવા સેક્ટરોમાં મોલ સાથે સલોન પણ ખુલી ગયા હતા. બ્યુટી પાર્લરની બહાર પણ મહિલાઓ ની આવનજાવન જોવા મળી હતી. સાથે સાથે કટલરી ની દુકાનથી લઈને પુજાપાની દુકાનો પણ ગ્રાહકો થી છલકાયેલી જોવા મળી હતી. સરગાસણના રસ્તા પર આજે ઘણા દિવસ પછી મોટી સંખ્યામાં વાહનો ની અવર જવર રહી હતી. કુડાસણ સાથે રિલાયન્સ ક્રોસ રોડ પાસેની હોટલ રેસ્ટોરન્ટ ખાસ પિત્ઝા સેન્ટર પાસે પણ યુવાનો જોવા મળ્યા હતા. વોચ શોપ પર પણ શહેરીજનો ખરીદી કરતા જણાયા હતા.


દરેક નાની મોટી દુકાનોના વેપારીના મુખ પર ખુશી જોવા મળી હતી. પાછળના દિવસોમાં ભોગવેલા નુકશાનને જાણે હવે ભૂલી ને નવી શરૂઆત કરતા તેઓ જણાયા હતા. બજાર ધમધમતા થતા જ પહેલા જેવો જ માહોલ સર્જાયો હતો જ્યારે કોરોના નામનો કોઈ રોગ અસ્તિત્વમાં નહતો.

સરગાસણ અને કુડાસણમાં આ તમામ દૃશ્યો જોતા જણાય છે કે, સરકારની આ એક પહેલથી વેપારીઓ અને શહેરીજનો ખુશ છે બધું નોર્મલ થઈ રહ્યું છે એટલે પણ અને આ તમામ પગલાં સૂચિત કરે છે કે કોરોના નો દર ઓછો થઈ રહ્યો છે.

## જન્મદિને વધામણી



નંદિની જિતેન્દ્ર પરમાર



ફેની એ. પટેલ



મયુરી નિશાંત ઠાકર
મો. ૯૯૭૮૭ ૨૭૭૫૭

# ગટર અવ્યવસ્થા : ગાંધીનગરના સે-૧ ની એક નંબરની સમસ્યા

## વહીવટી તંત્ર સત્વરે કાયમી ઉકેલ લાવે એ માટે વસાહતીઓની રજૂઆત

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના સેક્ટર-૧ ની એક નંબરની સમસ્યા ગટર અવ્યવસ્થા છે. સેક્ટર-૧ માં વારંવાર ગટર લાઈન ચોક-અપ થઈ જવાના પ્રશ્નો ઊભા થાય છે. સેક્ટર-૧-બી માં છેલ્લા થોડા દિવસોથી આ સમસ્યા એટલી વકરી છે કે, ગટરના પાણી ઘરમાં પાછા આવવાની શરૂઆત થઈ છે. આ સમસ્યા અંગે વારંવાર રજૂઆતો કરવા છતાં પણ સંબંધિત વિભાગ તરફથી કોઈ ઉકેલ લાવી શકાયો નથી.

ગાંધીનગરના સેક્ટર-૧ માં ગટરલાઈન ચોક-અપ થઈ જવાની સમસ્યા અત્યારે ખૂબ વકરી છે. ગટરના હૉલ છે ત્યાંથી પણ ગટરો ઉભરાઈ રહી છે. હૉલની આસપાસની જમીન પણ સતત ભીની અને ભેજવાળી રહેતી હોવાથી ક્યારેક માટી બેસી જવાને કારણે મોટો અકસ્માત સર્જાય એવી ભીતિ પણ રહેવાસીઓ સેવી રહ્યા છે.

સેક્ટર-૧ ના જાગૃત નાગરિકોએ ફરિયાદો કરતાં સંબંધિત અધિકારીઓ તરફથી એવું જણાવાયું છે કે, સેક્ટર-૧ના ગાયત્રી મંદિર પાસે મેઈન ગટરલાઈનની બે મોટી ચેમ્બરમાં અંદરની દીવાલ તૂટી ગઈ છે, તેથી તકલીફ પડી રહી છે. અત્યારે કૉન્ટ્રાક્ટ ધરાવતી એજન્સી પાસે કારીગરો અને મજૂર વર્ગ ઉપલબ્ધ નહીં હોવાથી આ કામ હાથ પર લઈ શકાતું નથી.

સંબંધિત વિભાગને પણ પોતાની સમસ્યાઓ હશે પરંતુ સેક્ટર-૧ નો આ પ્રશ્ન હવે વિકટ બનતો જાય છે. આ અંગે સત્વરે યોગ્ય આયોજનપૂર્વક લાંબાગાળાનું કામ થાય તો જ આ પ્રશ્નનો કાયમી ઉકેલ આવી શકે તેમ છે. ટેમ્પરરી સફાઈ કરવાથી કે ચોકઅપ દૂર કરવાથી આ પ્રશ્નનો કાયમી ઉકેલ આવી શકે તેમ નથી. સેક્ટરનો ગટરપ્રશ્ન વહીવટી તંત્ર સત્વરે ઉકેલે તેવી વસાહતીઓ આશા રાખી રહ્યા છે.

# આજે સે-૧૪માં જાગૃત વસાહત ફોરમના ઉકાળા વિતરણનો છેલ્લો દિવસ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના સેકટર-૪ ખાતે જાગૃત વસાહત ફોરમ દ્વારા છેલ્લા ૪૦ દિવસથી વેસ્ટર્ન સીડસના આયુર્વદિક ઉકાળાનું વિના મૂલ્યે વિતરણ કરાઈ રહ્યું છે જેનું તા. ૨૨મી મે શનિવારે સમાપન યોજાશે. અંતિમ દિવસે ઉકાળા વિતરણ સાથે વસાહતના કોરોના વોરિયર્સનું સન્માન કરાશે તેમજ કોરોના મહામારીમાં અવસાન પામેલા દિવગંતોને શ્રધ્ધાંજલિ આપવામાં આવશે. આ સાથે કોરોના મહામારીથી સૌ કોઈ સુરક્ષિત રહે તે માટે પ્રાર્થના પણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં વસાહતના અગ્રણીઓ જોડાશે તેમજ કોવિડ-૧૯ની ગાઈડલાઈનના પાલન સાથે ઉકાળા વિતરણ સહિતનો કાર્યક્રમ યોજાશે.

# આજે બપોરે સૂર્યદેવ ભગવાન મહાવીરના લલાટે તિલક કરશે

## કૌબા જૈન તિર્થ ખાતેથી આ અલૌકિક ઘટનાનું યુ-ટયુબ પર લાઈવ પ્રસારણ કરાશે


ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના કોબા ખાતેના જૈન તિર્થ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨૨મી મે શનિવારે ભગવાન મહાવીર સ્વામિના લલાટ પર સૂર્યકિરણો દ્વારા બપોરે બરાબર ૨.૦૭ કલાકે ભાલ તિલક સર્જાશે. અત્યંત સુપ્રસિધ્ધ અને રસપ્રદ ઘટના જેમાં ખગોળીય વિજ્ઞાન અને પ્રાચીન ઈજનેરી શાસ્ત્રનો અદભૂત સંગમ એક વિરલ ક્ષણનું સર્જન કરે છે તે દિવ્ય ઘટનાનું કોબા ખાતેના શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર ખાતેથી યુ-ટયુબ દ્વારા લાઈવ પ્રસારણ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગત વર્ષથી પ્રવર્તમાન કોરોના મહામારીના કારણે આ અલૌકિક ઘટનાના પ્રત્યક્ષ દર્શન બંધ કરાયા છે અને શ્રધ્ધાળુઓ આ ઘટના નિહાળી શકે તે માટે ઓનલાઈન પ્રસારણનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે આ સમગ્ર કાર્યક્રમ દિવગંત આચાર્ય પૂ. કૈલાશસાગરસુરીશ્વરજી મ.સા.ના કાલધર્મ અંતિમ સંસ્કાર સમયની સ્મૃતિમાં પ્રસારિત કરવાનું આયોજન કરાયું છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ઑનલાઈન સમર કેમ્પ ‘કલામૃતમ્ ૨૦૨૧’માં ૬૫૦૦૦થી વધારે બાળકો જોડાયા

ગાંધીનગર, તા.૨૧

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા આયોજિત પાંચ દિવસના “જય માતૃભૂમિ...”ના ગાન સાથે ઑનલાઈન સમર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો.




ઑનલાઈન સમર કેમ્પની શરૂઆત આજે તા. ૨૧-૫-૨૦૨૧ના રોજ ગીત-સંગીતથી થઈ હતી. આ કાર્યક્રમમાં ૫૮૦૦૦ બાળકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. અંદાજે ૩૩૫૦૦થી વધુ જીવંત પ્રશ્નોત્તરીના ઉત્તર આપવામાં આવ્યા હતા. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહ દ્વારા પ્રારંભગીત સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યાનિકેતન વિભાગના અધ્યક્ષ શ્રી કુણાલ પંચાલે કર્યું હતું. આ કાર્યક્રમના શુભારંભ માટે ગાંધીનગર જિલ્લાના કલેકટર શ્રી કુલદીપ આર્ય ઉપસ્થિત રહ્યા હતા. ગીત-સંગીતના આ કાર્યક્રમમાં ગુજરાતભરમાંથી ૧૫ હજારથી વધારે વિદ્યાર્થીઓ ‘યુ-ટ્યુબ’ અને ‘વંદે ગુજરાત’ ચેનલ ૧ના જીવંત પ્રસારણથી જોડાયા હતા. ગીત-સંગીતના તજજ્ઞ શિક્ષક હાર્દિકભાઈ ભટ્ટ દ્વારા માતૃભૂમિ, દેશભક્તિ અને બાળગીતોની રમઝટ સાથે વિદ્યાર્થીઓને સાચા અર્થમાં કોરોના અને ભણવાના ટેન્શનથી દૂર કરી દીધા હતા. ‘કલામૃતમ્ ૨૦૨૧’નો આ સમર કેમ્પ આવનારા ચાર દિવસ સુધી હજુ ચાલવાનો છે. તેનું રજિસ્ટ્રેશન આ લિંક https://forms.gle/BuKE6nmn4rTZu1pa9 પર હજુ ચાલુ રાખવામાં આવ્યું છે. ગુજરાતભરના વિદ્યાર્થીઓ હવે પછીના ચાર દિવસના કાર્યક્રમમાં રમકડાંઓનું સર્જન કરતાં શીખશે. જુદી જુદી રમતો વિશે સર્જનાત્મક જ્ઞાન મેળવશે. જીવંત ચિત્ર બનાવતાં પણ શીખશે અને છેલ્લા દિવસે ગુજરાતના પ્રખ્યાત હાસ્ય કલાકાર દ્વારા હાસ્ય-મસ્તીના કાર્યક્રમને માણશે.

# પેથાપુર ગામની સીમમાંથી ડફેર ઝડપાયો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેર નજીક પેથાપુર ગામની સીમમાંથી એસઓજી ટીમે દેશી બંદુક સાથે ૬૦ વર્ષિય ડફેરને પકડી પાડ્યો છે. પોલીસે બંદુક વિશે પુછતાછ કરતા તેણે શિકાર કરવા માટે જાતે જ બંદુક બનાવી હોવાની કબુલાત કરી હતી. પોલીસે ડફેર સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ટીમ ચરેડી વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહી હતી. તે દરમિયાન એએસઆઈ દેવેન્દ્રસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે પેથાપુર ગામની સીમમાં આવેલા આદિત્ય એલીગન્સ નમસ્તે ફલેટની સ્કિમની પાછળ આવેલી ગૌચરની ખુલ્લી જમીનમાં એક ડફેર બંદુક સાથે ફરી રહ્યો છે. જેને પગલે પોલીસ તાત્કાલીક બાતમીવાળી જગ્યાએ પહોંચી જઈને ડફેરને કોર્ડન કરી પકડી પાડ્યો હતો. પોલીસે પુછતાછ કરતા તેણે પોતાનું નામ કાળુ નથુભાઈ સિંધી (ડફેર રહે. ચરેડી છાપરા જીઈબી)હોવાનું જણાવ્યું હતું. તેની પાસેથી મળી આવેલી બંદુક સાથે પોલીસે પુછપરછ કરતા તેણે શિકાર માટે જાતે જ બંદુક બનાવી હોવાનું જણાવ્યું હતું. જયારે ડફેરની બંદુક જોઈ પોલીસ પણ અચંબામાં પડી ગઈ હતી. આ બંદુકનો ડફેર દ્વારા ઉપયોગ કરવામાં આવ્યો છે કે કેમ તે અંગે પૃથ્થકરણ માટે એફએસએલ ખાતે મોકલી આપવામાં આવશે. પોલીસે કાળુ ડફેર સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● ૨૩ દિવસ બાદ આજે બજારો ખુલતાં જનજીવન ધીમી ગતિએ પાટે ચડતુ દેખાયુ હતુ.

● ગઈકાલે રાત્રે ૮ વાગે આરોગ્ય વિભાગના અગ્ર સચિવ સુશ્રી જયંતિ રવિએ તંત્ર સાથે વેક્સિનેશન અને કોવિડની સ્થિતિને લઈ વિડીયો કોન્ફરન્સ યોજી હતી.

● જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટતાં હવે તંત્ર વેક્સિનેશન અભિયાન પર ધ્યાન કેન્દ્રીત કરવાની વ્યુહરચનામાં વ્યસ્ત બન્યુ છે.

● ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદો વધી જવા પામી છે.

● જિલ્લામાં વાવાઝોડા પછી હવે ખરીફ સિઝનની વાવણી થોડીક મોડી શરૂ થશે તેવી ચર્ચાઓ ખેડૂતોમાં શરૂ થઈ છે.

● ગાંધીનગર શહેરના વિવિધ સ્મશાનગૃહોમાં આજે ૧૦ મૃતકોની અંતિમવિધિ કોવિડ-૧૯ની ગાઈડલાઈન પ્રમાણે કરાઈ છે.

● ગાંધીનગર શહેરમાં નવા સમાવાયેલા વિસ્તારોમાં પણ વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા ઉભી કરવી જોઈએ તેવી માંગ ઉઠવા પામી છે.

# દમની બિમારી છતાં ૮૦ વર્ષીય વૃદ્ધાએ કોરોનાને હરાવ્યો

ગાંધીનગર, તા. ૨૧

કોરોના વાયરસની બીજી લહેરની ડરામણી સ્થિતિમાંથી ગાંધીનગર ધીરે ધીરે બહાર આવી રહ્યું છે. અત્યંત ઘાતક સાબિત થયેલી બીજી લહેરમાં શહેરના અનેક પરિવારોએ તેમના જુવાનજોધ સંતાનો ગુમાવ્યો હોવાના કિસ્સા સર્જાયા છે. જો કે બીજી તરફ અનેક દર્દીઓ એવા પણ છે



જેઓ મજબૂત મનોબળના સહારે વિષમ પરિસ્થિતિમાં પણ કોરોના મહામારીને હરાવવામાં સફળ રહ્યાં છે. ગાંધીનગરના સેક્ટર-૭ માં ૮૦ વર્ષીય વૃદ્ધાએ પોતાને દમની બિમારી હોવા છતાં હોમ આઈસોલેશનમાં જ કોરોનાને મ્હાત આપી છે.

સે. ૭ના ૮૦ વર્ષીય શારદાબેન સુથાર અસ્થમાના દર્દી છે અને કોરોના સંક્રમણમાં દર્દીના શ્વસનતંત્ર પર જ ઘેરી અસર પડતી હોય છે. જેના કારણે શ્વાસ રૂંધાઈ જાય, ઓક્સિજન ઘટી જાય, ફેફસાં નબળા પડી જાય તેવી સમસ્યાઓ સર્જાય છે. જો કે આમજ ગામના સરપંચ રહી ચુકેલા શારદાબેન સુથારે શ્વાસની બિમારી હોવા છતાં કોરોના સંક્રમિત થયાં બાદ હોમ આઈસોલેશનમાં રહીને સાવચેતી તથા તબીબોએ સૂચવેલા નિયમોનું પાલન કરીને સકારાત્મક વિચારો તેમજ દ્રઢ મનોબળના સહારે કોરોનાને હરાવવામાં સફળતા મેળવી છે અને હવે તેમનું સ્વાસ્થ્ય સારૂ છે. શારદાબેનની લડત કોરોના પોઝિટીવ દર્દીઓ માટે મનોબળ ટકાવી રાખવા પ્રેરક બની રહ્યું છે.

# ચિલોડામાં તૌક-તેથી ઉનાળુ ઉભો તૈયાર પાક જુવાર-બાજરી-કેરીના પાકોને ભારે નુકશાન

ચિલોડા, તા.૨૧

છેલ્લા બે દિવસથી ભર ઉનાળામાં તૌક-તે વાવાઝોડાને લઈને પવન સાથે ભારે વરસાદથી વૈશાખ માસમાં અષાઢી ચોમાસા જેવી સ્થિતિથી ઉનાળુ પાક જુવાર-બાજરી અને કેરીના પાકનો સોથ વળી જવાથી ખેડૂતોના જીવ પડીકે બંધાયા હતા. મોંમા આવેલો કોળિયો ઝુટવાઈ જવાથી ખેડૂતોની હાલત કફોડી બનવા પામી તેમાંય કમોસમી સતત સાડા સાત કલાક વાવાઝોડાને લીધે વરસાદી પાણી ખેતરોમાં ભરાયા હતા અને વાવાઝોડાંની લહેરથી પાકોનો કચ્ચરઘાણ નીકળી જતાં મોંઘોદાટ પાક અને ઘાસચારાને ભારે નુકશાન પહોંચ્યું હતું. એકબાજુ કોરોનાની દહેશત અને પાકોના નુકસાનથી આર્થિક નુકસાનના ફટકાથી જનજીવન પર ભારે અસર જોવા મળી હતી. ઠેર ઠેર તોતીંગ વૃક્ષો વાવાઝોડાંની ઝપેટમાં ધરાશયી થયા હતા. સતત છ થી સાત કલાક મીની વાવાઝોડા અને વરસાદથી વીજ પુરવઠો ખોટકાતાં ગ્રામ્ય વિસ્તારમાં અંધારપટ છવાયો હતો.

# યુથ કોંગ્રેસ દ્વારા ૫૦૦થી વધુ તેલની બોટલનું વિતરણ

યુવાનોના પ્રેરણા સ્ત્રોત સ્વ.રાજીવ ગાંધીની પુણ્યતિથિ નિમિતે ગાંધીનગર જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ




શકિત પટેલ, ગાંધીનગર જિલ્લા પ્રવકતા ફેનીલ પટેલ, ગાંધીનગર જિલ્લા ઉપપ્રમુખ નરેશ દેસાઈ, ગાંધીનગર જિલ્લા મહામંત્રી ધ્રુવ પટેલ સહિત ટીમના સભ્યોએ પોતાના વિસ્તારમાં શ્રમિક પરિવારોને તેલની બોટલ વિના મુલ્યે આપવામાં આવી હતી. ૫૦૦ થી વધુ તેલની બોટલનું નિસ્વાર્થ ભાવે વિતરણ કરીને કોરોના જેવી મહામારીમાં “જનસેવા એ જ પ્રભુ સેવા” નું સુત્ર સાર્થક કરીને સેવાનું ઉત્તમ ઉદાહરણ પુરુ પાડ્યું છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પરમાર સુરેખાબા કમલેશજી, ઉ.વ. ૬૫, ખેરોલ, તલોદ
- સ્વ. દંતાણી ઈશ્વરભાઈ પુંજાભાઈ, ઉ.વ. ૪૬, સે-૨૦, છાપરાં
- સ્વ. પારેખ અંજનાબેન ઉર્વીશકુમાર, ઉ.વ. ૬૨, અડાલજ
- સ્વ. મકવાણા ગીતાબેન જીવણભાઈ, ઉ.વ. ૫૮, વાવોલ.
- સ્વ. પટેલ મહેશભાઈ જાદવભાઈ, ઉ.વ. ૫૭, સેકટર-૭

● રૂદ્રભૂમિ ●

- સ્વ. વરમોરા રમેશ ભીમજીભાઈ, ઉ.વ. ૪૧, સરગાસણ
- સ્વ. કુમખત કેશરબાઈ માંગીલાલ, ઉ.વ. ૫૯, રાજસ્થાન
- સ્વ. વાઘેલા જશભાઈ શનાભાઈ, ઉ.વ. ૬૯, સેકટર-૩
- સ્વ. પટેલ ભીખાભાઈ શંકરભાઈ, ઉ.વ. ૬૦, સેકટર-૬
- સ્વ. સોલંકી ઈશ્વરભાઈ સવદાનભાઈ, ઉ.વ. ૪૮, સરગાસણ
- સ્વ. પ્રજાપતિ ધુળીબેન ડાહ્યાભાઈ, ઉ.વ. ૬૯, સેકટર-૬
- સ્વ. સુથાર જશોદાબેન ભરતકુમાર, ઉ.વ. ૬૬, રાંદેસણ

# ગાંધીનગર ખાતે ‘ખેલો ઈન્ડિયા સેન્ટર’ શરૂ કરાશે

ગાંધીનગર, તા.૨૧

કેન્દ્ર સરકારની મહત્વની સ્કીમ ‘ખેલો ઈન્ડિયા’ અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા જિલ્લાકક્ષાએ ‘ખેલો ઈન્ડિયા સેન્ટર’ (KIS's) શરૂ કરવામાં આવનાર છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં પણ ‘ખેલો ઈન્ડિયા સેન્ટર’ (KIS's) શરૂ કરવામાં આવનાર છે.

જિલ્લા રમત ગમત અધિકારી શ્રી એમ.એ. ચૌધરીએ જણાવ્યું છે કે, ‘ખેલો ઈન્ડિયા સેન્ટર’ (KIS's) માં તાલીમ માટે ઓલમ્પીક- ૨૦૨૪ને ધ્યાને લઈ ૧૪ રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ‘ખેલો ઈન્ડિયા સેન્ટર’ (KIS's) માં વધુમાં વધુ ત્રણ રમતો તથા રમત દિઠ ઓછામાં ઓછા ૩૦ તાલીમાર્થીઓને લાભ મેળવી શકશે. આ ‘ખેલો ઈન્ડિયા સેન્ટર’ (KIS's) માટે પ્રત્યેક રમત દિઠ ૧ વખત મળવાપાત્ર શરૂઆતની સહાય રૂ.૫.૦૦ લાખ આપવામાં આવશે. ત્યારબાદ જરૂરી સ્ટાફનું માનદવેતન, નવા રમતના સાધનો ખરીદી કરવા, સ્પોર્ટ્સ કીટ, સ્પર્ધામાં ભાગ લેવા માટે થનાર ખર્ચ માટે પ્રત્યેક રમત દિઠ વાર્ષિક મળવાપાત્ર સહાય રૂ.૫.૦૦ લાખ રહેશે.

ભારત સરકારની ગાઈડલાઈન અનુસાર અત્રેના જિલ્લામાં ‘ખેલો ઈન્ડિયા સેન્ટર’ (KIS's) શરૂ કરવા અંગે ભારત સરકાર અને ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા માન.કલેકટરશ્રી મારફતે યોગ્ય લાયકાત ધરાવતી શાળાઓ, સંસ્થાઓ પાસેથી દરખાસ્તો મંગાવેલ છે. જેમાં ભૂતપૂર્વ વિજેતા ખેલાડી કે જેઓ હાલ રમતનું પ્રશિક્ષણ આપતા હોય તેવા સામેલ **Annexure-I** માં દર્શાવેલ યોગ્યતા મુજબ લાયકાત ધરાવતા ખેલાડીઓની વિગતો **Annexure-IFA** અને પાંચ વર્ષથી વધુ સમયથી રમત ગમત ક્ષેત્રે પ્રોત્સાહન પુરૂ પાડતી હોય તેવી સંસ્થાઓ, શાળાઓએ પોતાની દરખાસ્તો (વધુમાં વધુ ત્રણ રમતો માટે) તથા સામેલ પત્રક મુજબ જરૂરી લાગુ પડતા **Annexure** મુજબ ફરજીયાત સુવિધાઓ ઉપલબ્ધ હોય તે જ શાળાઓ/સંસ્થાએજ જરૂરી આધાર પુરાવા સાથે હાર્ડકોપીમાં જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, ગાંધીનગર, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, સેકટર- ૧૧, ગાંધીનગર ખાતે તા.૨૫/૦૫/૨૦૨૧ સાંજે ૦૬:૦૦ કલાક સુધીમાં બિનચુક મોકલી આપવાનું રહેશે. અધુરી દરખાસ્ત અને સમય મર્યાદા બાદ આલ દરખાસ્તને ધ્યાને લેવામાં આવશે નહી, તેવું પણ જિલ્લા રમત ગમત અધિકારીએ જણાવ્યું છે.

# બજાર ‘અનલૉક’ થતાં જ મોબાઈલનો બીઝનેસ ‘ચાર્જ’ થઈ ગયો...!!

## મોબાઈલ શોપ-શો રૂમ કે રીપેરીંગવાળાને તડાકો : રસીકરણ માટે ઓનલાઈન નોંધણી ફરજીયાતની અસર : અગાઉ રીપેરીંગમાં મુકેલા ફોન પરત લેવા ગ્રાહકોએ દોટ મુકી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરમાં આજથી આંશિક છુટછાટો મળતા ફરીથી બજારો ધમધમતા થયા હતા. જો કે હજુ પણ બજારોમાં કોરોનાનો ઓછાયો વર્તાતો હોવાથી જોઈએ તેટલો ઉત્સાહ વર્તાયો નહોતો પરંતુ ઓનલાઈન અભ્યાસના આ યુગમાં મોબાઈલ ફોનની દુકાનો-શો રૂમ પર ઘરાકી સારા પ્રમાણમાં જોવા મળી હતી. રસીકરણની ઓનલાઈન નોંધણી ફરજિયાત હોવાથી તેની અસર પણ મોબાઈલની દુકાને વધેલી ઘરાકી માટે જવાબદાર હોવાનું જણાયું હતું.

કોરોના કાળમાં છેલ્લા સવા વર્ષથી સંપૂર્ણ શિક્ષણ વ્યવસ્થા ‘ઓનલાઈન એજયુકેશન’માં તબદીલ થઈ ગઈ છે, એટલું જ નહીં પરંતુ કોરોના પ્રતિરોધક રસી માટે નોંધણીથી માંડીને અસંખ્ય કાર્યો હવે ડિજીટલ પધ્ધતિથી જ થઈ રહ્યા છે જેમાં નાણાંની લેવડદેવડ હોય કે ખરીદ-વેચાણ હોય અથવા બીલ-ટેકસ કે હપ્તા ચુકવવાના હોય તમામ વસ્તુ ઈન્ટરનેટ આધારિત થઈ જવા પામી છે અને તેના માટે હાથવગું સાધન સ્માર્ટ ફોન છે. આ કારણે મોબાઈલ ફોન ખરીદ, વેચાણ, રીપેરીંગ, એસેસરીઝ વગેરેનો બીઝનેસ ખૂબ ફુલ્યોફાલ્યો છે અને પાટનગરમાં ઘણા દિવસથી બજારો બંધ હોવાને કારણે જે નાગરિકોને મોબાઈલ ફોન નવા લેવા હતા અથવા રીપેરીંગ કરાવવાનું હતું કે પછી ચાર્જર કે અન્ય કોઈ સમસ્યા હતી તેવા નાગરિકો જેવું આંશિક અનલોક થયું કે મોબાઈલ શોરૂમ કે રીપરીંગવાલાને ત્યાં દોડી ગયા હતા. કેટલાકના તો ફોન અગાઉથી રીપેરીગમાં આપેલા હતા પરંતુ બજાર બંધ હોવાથી પરત લેવાના બાકી હતા જયારે કેટલાકે લોકડાઉનમાં ફોન બગડયા હતા તે રીપેરીંગ કરાવાના હતા તેથી તે પણ બજારમાં ધસી ગયા હતા. એક તરફ રસી માટે ઓનલાઈન નોંધણની અને બીજી તરફ અન્ય તમામ બાબતોમાં પડતી ઓનલાઈનની જરૂરિયાતે મોબાઈલ વાળાને ઘરાકી ‘અનલૉક’ થવા પામી હતી.